**મે.વલસાડ ખાતેનાં મજુર અદાલત નં.૨ ના જયુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટમાં, મુકામ વલસાડ.**

**ફોજદારી કેસ નં.૩૯૯/૨૦૨૨**
**આંક–૧૧.**

**ફરીયાદી :–** રાજય સરકારશ્રી વતી શ્રી એમ.સી.ગોહિલ, કારખાના નિરીક્ષક,
(મદદનીશ નિયામક, ઔદ્યોગિક સલામતી અને સ્વાસ્થ્ય),
પાંચમો માળ, જિલ્લા સેવા સદન–૨,પાંચમો માળ, જીલ્લા સેવા સદન,
તિથલ રોડ, વલસાડ.

**–: વિરૂઘ્ધ :–**

**આરોપી:–** શ્રી ધરમેન્દ્રભાઈ મુલચંદભાઈ પટેલ – કબજેદાર(ડાયરેકટર)
અમરદીપ કેમીકલ્સ ઈન્ડસ્ટ્રીઝ પ્રા.લી.,
શેડ નં.એ–૨/૮, ફેઝ–૧, દમણગંગા રોડ, યુ.પી.એલ.ની પાછળ,
જી.આઈ.ડી.સી., વાપી, તા.વાપી, જી.વલસાડ.

**ગુન્હો :–** ગુજરાત કારખાનાના નિયમો–૧૯૬૩ ના નિયમ–૬૮–ટી(૨) ની જોગવાઈના ભંગ બાબત.

**–: ઠ રા વ:–**

(૧) ફરીયાદપક્ષના કેસની હકીકત ટુંકમાં એવી છે કે, આ કામના ફરીયાદી ફેકટરી એકટની ક.૮ નીચે નિરીક્ષક તરીકે નિમાયેલા છે. આ કામના કારખાના નિરીક્ષક તા.૨૫/૦૮/૨૦૨૨ ના રોજ આ કામના આરોપીના કારખાનાની મુલાકાત લઈ તપાસ કરતાં ફરીયાદમાં જણાવેલ વિગતે ગુજરાત કારખાનાના નિયમો–૧૯૬૩ ના નિયમ–૬૮–ટી(૨) ની જોગવાઈનો ભંગ આરોપીએ કરેલ હોય અને તેમ કરીને આરોપીએ કારખાના ધારા ૧૯૪૮ ની કલમ.૯૨ હેઠળ શીક્ષાને પાત્ર ગુન્હો કરેલ છે. જેથી તે અંગે ફરીયાદીએ ધોરણસરની ફરીયાદ આ અદાલતમાં દાખલ કરતાં આરોપીને આ અદાલતે સદરહું અધિનિયમની જોગવાઈ મુજબના ગુન્હાનો સમન્સ જારી કરવાનો હુકમ કરેલ હતો.

(૨) આરોપીને સમન્સ બજી જતાં આરોપી આજરોજ યોજાયેલ સ્પેશીયલ સીટીંગ ઓફ મેજીસ્ટ્રેટ સમક્ષ હાજર થતાં, આરોપીએ ગુનાની કબુલાત પુરશીસ આંક–૦૯ થી રજુ રાખેલ છે અને તેમા જણાવ્યા મુજબ તેઓ સ્વૈચ્છીક રીતે આરોપીઓ વતી ગુનો કબુલ કરેલ છે, તેમજ ભવિષ્યમાં આવો ગુનો ફરીથી નહીં કરે તેવી ખાત્રી આપેલ છે અને તેનો પ્રથમ ગુનો હોય રહેમ રાખી ઓછામાં ઓછી શિક્ષા કરવા અરજ કરેલ છે.

(૩) આરોપી તરફે ગુન્હાની કબુલાત પુરશીસ રજુ કરતા તેમને સમજાવવામાં આવેલ કે તેઓ ગુન્હો કબુલ કરવા બંધાયેલ નથી અને તેઓ ગુન્હો કબુલ કરશે તો આવી કબુલાત તેઓ વિરૂઘ્ધ પુરાવા તરીકે ઉપયોગમાં લેવાશે, આમ છતાં આરોપી પોતાને ગુન્હો કબુલ હવાનું જણાવેલ છે. ત્યારબાદ આરોપીની

આંક–૧૦ થી પ્લી રેકર્ડ કરવામાં આવતા તેમાં પણ આરોપીએ પોતાની સામેનો ગુન્હો કબુલ હોવાનું જણાવેલ છે. આમ આરોપી સ્વૈચ્છિક રીતે પોતાનો ગુન્હો કબુલ કરતા હોવાનું જણાય છે.

(૪) ઉપરોકત રજુઆત તથા કેસની હકીકત ધ્યાનમાં લેતાં તેમજ આરોપીનો આ પ્રથમ ગુનો હોય અને તેને કરેલ રજુઆત મુજબ તેનાં ઉપર સમગ્ર કુટુંબની જવાબદારી હોય અને આરોપીને પોતાના ગુન્હા બદલ પારાવાર પસ્તાવો થયેલ હોય આરોપીને શિક્ષાત્મક સજા કરવાને બદલે દંડાત્મક શિક્ષા કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે તેવું અત્રેની કોર્ટનું માનવુ છે. સવિશેષ નામદાર ગુજરાત હાઈકોર્ટ ધ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરૂઘ્ધ નટવર હરચંદજી ઠાકરો રીર્પોર્ટેડ ઈન ૨૦૦૫(૧) જી.એલ.આર. પાનું–૭૦૯ ના ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિધ્ધાંતને લક્ષમાં લેતાં, હાલના આરોપી વિરૂઘ્ધ ગુનો સાબિત થયેલ છે. તેમજ તેની રજુઆતને ધ્યાનમાં લઈ નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**::: <u>આખરી હુકમ</u> ::**

(૧) સદર કામે આરોપીને ક્રિ.પો.કો.ક.૨૫૨ અન્વયે ગુજરાત કારખાનાના નિયમો–૧૯૬૩ ના નિયમ–૬૮–ટી(૨) ની જોગવાઈના ભંગ બદલ કારખાના ધારા કલમ–૯૨ હેઠળ તકશીરવાન ઠરાવી રૂા.૧૦,૦૦૦/– (અંકે રૂપિયા દસ હજાર પુરા) દંડ, અને જો દંડ ન ભરે તો દિન–૧૫ ની સાદી કેદની સજા ભોગવવા આથી હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા.૧૩ મી મે સને ૨૦૨૩ ના રોજ સ્પેશીયલ સીટીંગમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

સ્થળ:વલસાડ
તા:૧૩/૦૫/૨૦૨૩.

(કમલેશકુમાર દિનેશભાઈ વિડજા)
Code No.: GJ01461
જયુડી. મેજી. ફ.ક.
મજુર અદાલત, વલસાડ.